# 16 તપસ્વી સારસ્વત

**ચંદ્રકાન્ત શેઠ**
**(જન્મ : 3-2-1938 )**

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ ખેડા જિલ્લામાં આવેલા ઠાસરાના વતની છે. તેઓ કવિ, નાટ્યકાર, ચરિત્રકાર, વાર્તાકાર, હાસ્યકાર તેમજ લલિતનિબંધોના સર્જક છે. આ ઉપરાંત એમણે વિવેચન, અનુવાદ અને સંપાદન વગેરે ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રદાન કરેલું છે. ગુજરાતીના અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી તેઓ હાલ ગુજરાત વિશ્વકોશ શ્રેણીના સંપાદનકાર્ય સાથે જોડાયેલા છે. 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર', 'ગગન ખોલતી બારી, 'શગે એક ઝળહળીએ', 'જળ, વાદળ ને વીજ', 'ગગનધરા પર તડકા નીચે' જેવા તેમના અનેક કાવ્યસંગ્રહો છે. 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલું મારી જેમ' અને 'ઘોડે ચડીને આવું છું'-એ એમનાં બાળકાવ્યોના સંગ્રહો છે. 'નંદ સામવેદી' લલિતનિબંધોનો સંગ્રહ તેમજ 'ધૂળમાંની પગલીઓ' શૈશવનાં સ્મરણોની રોચક કથા છે. તેમને ગુજરાતી સાહિત્યસભા તરફથી રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ મળ્યા છે.

પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા.શાસ્ત્રી વિશે ચંદ્રકાન્ત શેઠે સઘન વ્યક્તિચિત્ર આલેખ્યું છે. શાસ્ત્રીજીનું જીવન-કવન સમગ્ર રીતે અહીં આલેખાયું છે. એમની આંતરબાહ્ય છબી આ વ્યક્તિચિત્રમાં સુપેરે ઝિલાઈ છે.

---

બેઠી દડીનું હલકું પાતળું હાડ, ઘઉંવર્ણો વાન, ચપળ આંખો અને અણિયાળું નાક, ભાલપ્રદેશમાં સદાય ચમકતું ચીપિયા જેવું કુમકુમવર્ણું તિલક, કસવાળી વૈષ્ણવી બંડી, ઢીંચણથી થોડીક નીચી ધોતી, માથે જરા ત્રાંસી મુકાયેલી કેસરી ટોપી, ક્યારેક ગળે વીંટાળેલો કેસરી ઉપરણાનો ખેસ અને પગમાં રબરની સ્લિપર કે ચંપલ પહેરેલી એક વૃદ્ધ કાયા, હાથમાં લાકડી લઈને અમદાવાદની સડક પર - પુષ્ટિસંપ્રદાયની હવેલી તરફ દેવદર્શન કે કીર્તન માટે ઉતાવળી ચાલે ધસતી જતી જોઈને તમે ખુશીથી ધારણા કરી શકો કે. કે. કા,શાસ્ત્રી હશે. હવે તો શાસ્ત્રીજીનું આવું દર્શન આપણા માટે સ્મરણનો વિષય બનીને રહ્યું છે!

આપણા આરૂઢ વિદ્વાન કેશવરામ શાસ્ત્રીને સાહિત્યજગત 'કે.કા.' કે 'શાસ્ત્રીજી'ના ટૂંકા નામથી ઓળખે છે. પિતા કાશીરામ શાસ્ત્રી અને માતા દેવકીબહેન પૂરેપૂરાં વૈષ્ણવધર્મી. શાસ્ત્રીજીનું જન્મસ્થળ અને વતન માંગરોળ (જિ. જૂનાગઢ). જન્મ 28મી જુલાઈ, 1905ના રોજ, બરડાઈ બ્રાહ્મણ પરિવારમાં. પિતાજી મોટા વિદ્વાન; માતા ધાર્મિક વૃત્તિનાં, ગૃહિણી. વેદશાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન વારસામાં મળેલું. શાસ્ત્રીજીને ગળથૂથીમાં જ શાસ્ત્રપ્રેમ અને સંપ્રદાયપ્રેમ મળ્યાં. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માંગરોળમાં લીધું. શ્રી માંગરોળ વૈષ્ણવ સુબોધિની પાઠશાળામાં 11મા વર્ષથી તેમણે સંસ્કૃત વ્યાકરણ, સંસ્કૃત મહાકાવ્યો, ભાગવત આદિ પુરાણો અને ષોડશ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ આરંભ્યો હતો. યુવાવસ્થામાં પ્રવેશતાં જ શાસ્ત્રીજીમાં પુષ્ટિભક્તિ અને પુષ્ટિજ્ઞાન સુદૃઢ થઈ ચૂક્યાં હતાં. 1936 થી 39ના ગાળામાં બેંગાલ સંસ્કૃત એસોસિયેશનની ચાર અને બૌદ્ધ પાલીની બે પરીક્ષાઓમાં તેઓ ઉત્તીર્ણ થઈ ચૂક્યા હતા.

શાસ્ત્રીજી મૅટ્રિક થયા પછી મુંબઈ ગયા, પરંતુ સ્વાસ્થ્ય માટે વાતાવરણ પ્રતિકૂળ જણાતાં વતનમાં જ શિક્ષકની કામગીરી સ્વીકારી. મુંબઈવાસ દરમિયાન શાસ્ત્રીજી હસ્તપ્રતો પરથી મુદ્રણકામ નકલ (પ્રેસ-કૉપી) તૈયાર કરવાની અને પ્રૂફવાચનની તાલીમ લઈ ચૂક્યા હતા. વતનમાં પણ એક મિત્રના છાપખાનામાં અક્ષરોનાં બીબાં ગોઠવવાની અને ટ્રેડલ મશીન ચલાવવાની તાલીમ લઈ લીધેલી, જે તેમને પાછળથી અમદાવાદમાં કામ લાગેલી.

1925 થી 1935 સુધીના એક દાયકાના શિક્ષક તરીકેના કાર્ય દરમિયાન શાસ્ત્રીજીનું લેખનકાર્ય તો ચાલતું જ હતું. કનૈયાલાલ મુનશીએ નરસિંહ મહેતા 16મી સદીમાં થયા હોવાનું જણાવ્યું ત્યારે શાસ્ત્રીજીએ તેમના મતનું ખંડન કરતા લેખો 'ગુજરાતી' સાપ્તાહિકમાં લખ્યા. તેનાથી અનેક ગુજરાતી વિદ્વાનોનું ધ્યાન તેમના તરફ ખેંચાયેલું. ચુનીલાલ વ. શાહે શાસ્ત્રીજીની કલમની શક્તિ પિછાણી તેમને 'પ્રજાબંધુ' સાપ્તાહિકના તંત્રીમંડળમાં કામ કરવા આમંત્ર્યા. આ કામગીરીમાં શાસ્ત્રીજીને ઘણું ઘડાવાનું મળ્યું. 'જગતનું રાજકારણ' અને 'સોદાગરની કિતાબ' જેવી બે કૉલમો 'પ્રજાબંધુ'માં તેઓ ચલાવતા હતા.

આ દરમિયાન ગુજરાત વિધાનસભાના 'બુદ્ધિપ્રકાશ' સામયિકમાં છપાતા શાસ્ત્રીજીના લેખોથી આકર્ષાઈ એ સંસ્થાના મંત્રી હીરાલાલ પારેખે શાસ્ત્રીજીને ગુજરાત વિધાનસભામાં જોડાવા નિમંત્રણ આપ્યું. 11 એપ્રિલ, 1936થી તેમણે ગુજરાત વિધાનસભાના હસ્તલિખિત ગ્રંથસંગ્રહની કામગીરી સંભાળી અને ખૂબ પરિશ્રમ લઈને ત્યાંની હસ્તપ્રતોની સંકલિત યાદી તૈયાર કરી આપી આ સમયગાળા દરમિયાન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સન્માન્ય વિદ્વાનની પ્રતિષ્ઠા રળાવી આપનારા 'કવિચરિત ભાગ 1-2' અને 'આપણા કવિઓ' જેવા ગ્રંથો તેમણે આપ્યા. સંશોધનનું કાર્ય શાસ્ત્રીજીનું પ્રિય કાર્ય હતું.

હેમચંદ્રાચાર્યના 'અપભ્રંશવ્યાકરણ'નો સમજૂતી સાથેનો ગુજરાતી અનુવાદ તેમણે તૈયાર કરેલો. શાસ્ત્રીજીએ ભાષા, વ્યાકરણ, કોશ, ઇતિહાસ, સંસ્કૃતિ તથા સાહિત્ય તેમજ પત્રકારત્વ જેવાં ક્ષેત્રોમાં વિવિધ પ્રકારે વિપુલ પ્રમાણમાં કાર્ય કર્યું છે. સાહિત્ય ક્ષેત્રે પણ સંશોધન, સંપાદન, અનુવાદ, વિવેચન ઉપરાંત સર્જનક્ષેત્રે કવિતા નાટક, ચરિત્ર, પ્રવાસ આદિમાં પણ કેટલુંક નોંધપાત્ર પ્રદાન કર્યું છે. શાસ્ત્રીજીની સંશોધક તરીકેની પ્રતિભાની ગુજરાતના અનેક વિદ્વાનોએ નોંધ લીધી હતી. એના વિકાસમાં ગુજરાત વિદ્યાસભા મહત્ત્વનું નિમિત્ત બની રહેલી.

1939થી શાસ્ત્રીજીએ ઉચ્ચશિક્ષણનાં ક્ષેત્રે કાર્ય કર્યું. પોતે મૅટ્રિક છતાં ગુજરાતી, સંસ્કૃત આદિ ભાષાઓ અને તેના સાહિત્ય પરનું અને ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃત પરનું તેમનું જ્ઞાન-પ્રભુત્વ જોઈને ગુજરાત યુનિવર્સિટીએ તેમને અનુસ્નાતક-કક્ષાએ-પીએચ.ડી. કક્ષાએ અધ્યાપનકાર્ય કરવાની માન્યતા આપી. તેમના માર્ગદર્શન હેઠળ 16 વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયેલા. ગુજરાત યુનિવર્સિટી ઉપરાંત તેમની અધ્યાપક તરીકેની સેવાઓનો લાભ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીને પણ મળ્યો હતો. એલ.ડી. ઇન્સ્ટિટયૂટ ઑફ ઈન્ડોલૉજી જેવી સંસ્થાઓને તેમની સંશોધન-સેવાઓનો લાભ મળ્યો હતો. શાળાની 11 વર્ષની અને ઉચ્ચશિક્ષણની બાવન વર્ષની (1939 થી 90) તેમની અધ્યાપનસેવાઓ ગણતાં 65 વર્ષની તેમની વિદ્યાકીય કારકિર્દી વિરલ કહેવાય એવી હતી. આ દરમિયાન અભ્યાસી-સંશોધક પ્રાધ્યાપક તરીકેની શાસ્ત્રીજીની સેવાનો સાર્વત્રિક રીતે સમાદર થતો રહેલો. આયુષ્યના અંત સુધી શાસ્ત્રીજી સાહિત્યમાં સંશોધન-સંપાદન, કોશકાર્ય અને લેખનકાર્યમાં ગળાડૂબ રહ્યા હતા.

સંશોધન-સંપાદનક્ષેત્રે શાસ્ત્રીજીએ મહાભારત વિશેની મધ્યકાલીન ગુજરાતી કવિઓની કેટલીક કૃતિઓ સંકલિત કરી તેમનું સુંદર સંપાદન કરેલું છે. તે પછી વેદવ્યાસના મહાભારતનો મૂળ અસલી ભાગ કયો, કેટલો ને કેવો તેનું સંશોધન કરી સંપાદન કર્યું. આ ઉપરાંત આયુષ્યના અવશેષે શ્રીમદ્ભાગવત જેવા ભક્તિપુરાણના દશમસ્કંધનું સંશોધન-સંપાદન કરી તેમની વિદ્વતપ્રતિભાનું ઊજળું પ્રમાણ સૌને આપ્યું છે. વળી મહાભારતમાંથી 'ભારતસંહિતા' અને તેમાંથી 8800 શ્લોકોની 'જયસંહિતા' તારવી આપવાનું કઠિન કાર્ય તેમણે કરી આપ્યું છે. તેમણે શ્રીમદ્ભાગવદ્ગીતામાંથી 101 શ્લોકોની 'ગીતા-શતશ્લોકી' પણ તૈયારી કરી આપી છે.

શાસ્ત્રીજી પાસેથી અંદાજે અઢીસો (250) જેટલાં પુસ્તકો અને 1500 જેટલા સંશોધનલેખો મળ્યાં છે. ગુરુ શ્રી ગોમતીદાસજીની હૂંફથી સંસ્કૃત કાવ્યશાસ્ત્ર, છંદઃશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રની તેમને લગની લાગી હતી, તે જીવનભર જળવાઈ રહી. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોનો અનુવાદ તેમણે 21 વર્ષની વયે કરીને પોતાની ઉત્કૃષ્ટ વિદ્યાનિષ્ઠાનો પરિચય સૌને આપ્યો હતો. જીવનભર સ્વાધ્યાય-સંશોધન-સંપાદન-અનુવાદ-વિવેચનકાર્ય દ્વારા કે. કા. શાસ્ત્રીજીએ ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિની બહુમૂલ્ય સેવા કરી છે.

કોશકાર્ય પણ શાસ્ત્રીજીનું પ્રિય ક્ષેત્ર રહેલું. ગુજરાતી ભાષાનો લઘુકોશ, ગુજરાતી ભાષાનો પાયાનો કોશ, અનુપ્રાસ કોશ, બૃહદ્ ગુજરાતી કોશ (ગ્રંથ : 1 અને 2), વનૌષધિ કોશ, સંસ્કૃત-ગુજરાતી કોશ, વ્યુત્પત્તિકોશ, ભગવદ્ગોમંડળનાં 900 જેટલાં અધિકરણોનું વાચન કરીને પ્રમાણિક કરવાં - આ બધાં કામ તેનાં ઉદાહરણરૂપ છે.

આવા વિદ્વાનની પાછળપાછળ સન્માનો આવે તે સહજ છે. તેમની સારસ્વત-સાધનાને અખિલ ભારતીય સંમેલને 'વિદ્યાવાચસ્પતિ'ની ઉપાધિ અને ભારત સરકારે 'પદ્મશ્રી'નો ખિતાબ આપી સન્માનેલા, તો ગુજરાત સાહિત્યસભાએ રણજિતરામ સુવર્ણચંદ્રક(1952) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ 'ડી. લિટ.'ની પદવી આપીને પોંખેલા. તેમને 15 પદવીઓ, 10 ઍવોર્ડ અને 38 જેટલાં માનપત્રો મળેલાં. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ તેમણે શોભાવ્યું હતું. 'ભાષાભાસ્કર', 'ધર્મભાસ્કર', 'ભારતમાર્તંડ', 'ગુર્જરરત્ન', 'મહામહિમોપાધ્યાય' જેવાં અનેક ગૌરવ-બિરુદો તેમને અર્પવામાં આવ્યાં હતાં.

શાસ્ત્રીજીના સ્વભાવની સરળતા અને ઔદાર્યને કારણે અને તેમની સારસ્વત પ્રતિભાને કારણે આનંદશંકર ધ્રુવ, કેશવ હર્ષદ ધ્રુવ, કૃષ્ણલાલ ઝવેરી, નરસિંહરાવ દિવેટિયા, કનૈયાલાલ મુનશી, બલવંતરાય ઠાકોરથી માંડીને રામનારાયણ વિ. પાઠક, રસિકલાલ છો. પરીખ, ચુનીલાલ વ. શાહ, હીરાલાલ પારેખ સુધીના અનેક સર્જક-વિદ્વાનોનો પ્રેમ અને સહકાર એમને મળ્યા હતા. શાસ્ત્રીજી અજાતશત્રુ હતા. સૌએ એમની સારસ્વત-સેવાઓનો સદ્ભાવપૂર્વક સત્કાર કર્યો હતો.

ગુજરાતી ભાષા-સાહિત્યના ગૌરવરૂપ શાસ્ત્રીજી ખૂબ વિનયશીલ હતા. 'કમ ખા, ગમ ખા' - એ એમનો જીવનસિદ્ધાંત હતો. સૂર્યોદય પહેલાં ઊઠી જઈ, નિત્યક્રમથી પરવારી તેઓ ધર્મધ્યાન અને સરસ્વતીસેવામાં પોતાનો બધો સમય વિતાવતા. મિતભાષી શાસ્ત્રીજી આરામ પણ વધુ કામ કરવા માટે જ લેતા હતા.

શાસ્ત્રીજીનું જીવન સરળતા અને સાદાઈનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. સતત કાર્યરત શાસ્ત્રીજીનું શરીર તેમ મન હંમેશાં હળવાંફૂલ રહેતાં. ઓછામાં ઓછો પરિગ્રહ અને વધુમાં વધુ વિદ્યાસંગ્રહ એ એમનો આદર્શ હતો. ટપાલમાં આવેલ પરબીડિયાં ઉપરની ટિકિટમાં સિક્કો ન વાગ્યો હોય તોપણ શાસ્ત્રીજી એ ટિકિટને રદ કરવાની કાળજી લેતા.

દૃઢ આસન બાંધીને રસેશ્વર શ્રીકૃષ્ણની અને રસરૂપા સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરવી, એમાં જ શાત્રીજી પોતાનું એકાન્ત અને ધ્યાન, જીવનનો સાત્ત્વિક આનંદ અને જીવનની સાચી સાર્થકતા અનુભવતા હતા. સારસ્વતયજ્ઞમાં હરકોઈને સહાયક અને માર્ગદર્શક થવું તેને તેઓ પોતાનો સ્વ-ધર્મ, પોતાનું કર્તવ્ય લેખતા હતા.

આવા શીલ અને તપના સંનિષ્ઠ ઉપાસક શાસ્ત્રીજીનું 9 સપ્ટેમ્બર, 2006ના રોજ અમદાવાદમાં ટૂંકી માંદગી પછી અવસાન થયું. સારસ્વત-સેવાના સાચા ભેખધારી ગુજરાતના આ વૈષ્ણવ વિદ્વાનને તો વંદના જ હોય!

### શબ્દાર્થ

**હાડ** બાંધો, કાઠું **કસ** અંગરખું, બંડી વગેરે બાંધવાની નાની દોરી હોય છે તે (બટનને બદલે) **પુષ્ટિસંપ્રદાય** શ્રીમદ્ વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ; પ્રભુની કૃપા જ જીવના ઉદ્ધારમાં હેતુ છે એવી શરણભાવનાને એમાં સ્વીકારવામાં આવી છે. **વૈષ્ણવધર્મી** ભગવાન વિષ્ણુની- તેના અવતાર ગણાતા શ્રીકૃષ્ણની ઉપાસના કરનાર **ગળથૂથીમાં મળવું** છેક બાળપણથી-મૂળથી મળવું **ષોડશ** સોળ **પ્રૂફવાચન** છાપશુદ્ધિનું કાર્ય **ટ્રેડલ મશીન** (અં.) યંત્ર ચલાવવા માટેની કે પૈડું ફેરવવા માટેની પગ મૂકવાની પાવડી દ્વારા ચલાવાતું અગાઉના સમયમાં વપરાતું મુદ્રણયંત્ર કૉલમ (અં.) કટાર **એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી** શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશીના નામ સાથે જોડાયેલી મહિલા વિદ્યાપીઠ **સમાદર** માનપૂર્વક સ્વીકાર **શ્રીમદ્ વલ્લાભાચાર્યજી** પુષ્ટિસંપ્રદાયના સંસ્થાપક, પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય **વ્યુત્પત્તિ** શબ્દની મૂળ ઉત્પત્તિ **અધિકરણ** કોઈ પણ પ્રકારના કોશમાં આવતો મુદ્દો - એન્ટ્રી **અજાતશત્રુ** જેમનો કોઈ શત્રુ નથી એવા

### સ્વાધ્યાય

1. 'કે. કા. શાસ્ત્રીએ સંશોધન-સંપાદક તરીકે ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિની બહુમૂલ્ય સેવા કરી છે.' -આ વિધાનનું સમર્થન કરતી વિગતો આપો.
2. 'કે. કા. શાસ્ત્રીની પાછળ પદવીઓ, ખિતાબો અને સન્માનો દોડતાં આવતાં હતાં.'- એમ તમે કઈ રીતે કહી શકશો?'
3. 'કે. કા. શાસ્ત્રી અજાતશત્રુ વિદ્વાન છે.' - શી રીતે ?
4. 'કે. કા. શાસ્ત્રીએ રસેશ્વર શ્રીકૃષ્ણ અને રસરૂપ સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરી છે,' તે દૃષ્ટાંત સિદ્ધ કરો.

**5. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) અમદાવાદની સડક પર જતાં શાસ્ત્રીજીને તમે કઈ રીતે ઓળખી શકતા હતા?

(2) કે. કા. શાસ્ત્રીમાં પુષ્ટિભક્તિ અને પુષ્ટિજ્ઞાન શી રીતે સુદૃઢ બન્યાં?

(3) શાસ્ત્રીજીની સંશોધક તરીકેની પ્રતિભા ક્યારે ખીલી ઊઠી?

(4) શાસ્ત્રીજીની સેવાનો લાભ કઈ-કઈ શૈક્ષણિક સંસ્થાઓને મળ્યો?

(5) કે. કા. શાસ્ત્રીનો જીવનસિદ્ધાંત અને જીવન-આદર્શ શો છે?

**6. સમજાવો.**

(1) કોશકાર્ય શાસ્ત્રીજીનું પ્રિય ક્ષેત્ર રહ્યું છે :

(2) શાસ્ત્રીજીનું જીવન સરળતા અને સાદાઈનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે.

•